**સમય : ૩ કલાક** **કુલ ગુણ : ૮૦**

## વિભાગ : A

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૧ થી ૧૬ ના માંગ્યા મુજબ જવાબ આપો.** (16)

**• નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

**(1)** બહુપદી $P(x) = 2x^3-5x^2 - 13x + K$ નાં શુન્યોનો ગુણાકાર $-15$ છે.

**(2)** જો ૭ એ બહુપદી $P(x) - x^2 - 18x + K$ નું એક શૂન્ય હોય તો $K = 7$ થાય.

**(3)** $\sqrt{3}, \sqrt{6}, \sqrt{9}, \sqrt{12}$......આ શ્રેણી સમાંતરશ્રેણી છે.

**(4)** $\theta$ ની કિંમત 0 થી વધીને $90°$ થાય તેમ $\cot\theta$ ની કિંમત પણ વધે છે.

**• દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.**

**(5)** સામાન્ય આવૃતિ–વિતરણ માટે જો બહુલક = 26 અને મધ્યક = 20 હોય તો મધ્યસ્થ = ............

(A) 20 (B) 21 (C) 22 (D) 23

**(6)** પ્રયોગની બધી જ પ્રાથમિક ઘટનાઓની સંભાવનાનો સરવાળો............થાય.

(A) 0 (B) 1 (c) 0 અને 1 ની વચ્ચે (D) 1 થી વધુ

**(7)** જો $P(A) : P(\overline{A}) = 3 : 2$ તો $P(A) =$ ...............

(A) 3/5 (B) 2/5 (C) 3/4 (D) 1/2

**(8)** જો સમીકરણ યુગ્મ $3x - y + 8 = 0$ અને $6x - ky = -16$ ના આલેખ સંપાતી રેખાઓ હોય તો $K =$ ........

(A) 1/2 (B) -1/2 (c) 2 (D) -2

**• વિધાન સાચું બને તે મુજબ ખાલી જગ્યા પુરો.**

**(9)** જો સમીકરણ $8x + 5k = 18$ ને એક ઉકેલ (1,0) તો $k =$ ...............

**(10)** બિંદુઓ (2,3) અને (4,1) ને જોડતા રેખાખંડના મધ્યબિંદુના યામ =.........

**(11)** $2 \sin 3x = \sqrt{3}$ તો $x =$ ................

**(12)** એક વર્તુળની બે ત્રિજયાઓ વચ્ચેના ખૂણાનું માપ $48°$ છે,તો તે બે ત્રિજયાઓના અત્યંબિંદુઓએ દોરેલા સ્પર્શકો વચ્ચેના ખૂણાનું માપ....

**• એક વાકય,શબ્દ કે આંકડામાં જવાબ આપો.**

**(13)** વૃતાંશની વ્યાખ્યા આપો.

**(14)** 7 સેમી ત્રિજયાવાળા અર્ધગોળાના તળિયાનું ક્ષેત્રફળ કેટલું થાય ?

**(15)** બે મિત્રોનો જન્મદિવસ લીપવર્ષમાં એક જ તારીખે આવે તેની સંભાવના કેટલી ?

**(16)** PROBABILTY શબ્દના અક્ષરોમાંથી એક અક્ષર પસંદ કરતા તે અક્ષર સ્વર ન આવે તેની સંભાવના કેટલી?.

## વિભાગ : B

• નીચે આપેલા પ્રશ્ન નં. ૧૭ થી ૨૬ ના ૪૦ થી ૫૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૨ ગુણ) (૨૦)

• નીચેના પ્રશ્નોની ગણતરી કરી જવાબ લખો.

**(17)** $2 + \sqrt{3}$ એ અસંમેય છે તેમ સાબિત કરો.

**(18)** 123 અને 232 નો ગુ.સા.અ યુકિલડની ભાગવિધિથી શોધો.

**(19)** દ્વિઘાત બહુપદીનાં શુન્યનો સરવાળો -1/3 અને શૂન્યોનો ગુણાકાર 2/3 તેવી દ્વિઘાત બહુપદી મેળવો.

**(20)** આપેલ સુરેખ સમી.યુગ્મનો ઉકેલ લોપની રીતે શોધો.

$\frac{x}{3} + \frac{y}{4} = 5$ , $3x + 2y = 42$

અથવા

**(20)** સુરેખ સમીકરણ યુગ્મનો ઉકેલ આદેશની રીતે શોધો. $x + y = 5$ અને $2x - 3y - 4 = 0$

**(21)** $\sin\theta \cdot \sec\theta = \frac{1}{\cot\theta}$ સાબિત કરો.

**(21)** $2\tan^2 45° + \cos^2 30° - \sin^2 60°$ ની કિંમત શોધો.

**(22)** જો $\tan\theta = \frac{1}{\sqrt{3}}$ તો $\sin(90° - \theta)$ ની કિંમત શોધો.

**(23)** P કેન્દ્ર અને 10 સેમી ત્રિજયાવાળા વર્તુળની બહારના બિંદુ A માંથી દોરેલ સ્પર્શક વર્તુળને B માં સ્પર્શે છે.જો PA = 26 હોય તો PA શોધો.

અથવા

**(23)** ચતુષ્કોણ ABCD એક વર્તુળને પરિગત છે,તો સાબિત કરો કે AB + CD = AD + BC

**(24)** એક વિમાનમાં કુલ ૧૨૦ બેઠકની વ્યવસ્થા છે.તે વિમાનની છેલ્લી ૧૦૦ સફર દરમિયાન વેચાયેલ બેઠકોનું આવૃતિ–વિતરણ નીચે મુજબ છે.

| વેચાયેલ બેઠકો | 100-104 | 104-108 | 108-112 | 112-116 | 116-120 |
|---|---|---|---|---|---|
| સફરની સંખ્યા | 15 | 20 | 32 | 18 | 15 |

**(25)** $\Delta ABC$ માં $\angle B = 90°$ અને BM વેધ છે.જો AM-CM=10 અને $AB^2$-$BC^2$=260 તો $Ac^2$ શોધો

**(26)** બે ક્રમિક ધન પૂર્ણાંકોના વર્ગોનો સરવાળો 884 હોય,તો તે સંખ્યાઓ શોધો.

અથવા

**(26)** $2x^2 + 7x - 3$ દ્રિઘાત સમીકરણ બીજ શ્રીધર આચાર્યે આપેલ સુત્રની મદદ શોધો.

## વિભાગ : C

• નીચે આપેલા પ્રશ્ન નં. ૨૭ થી ૩૪ ના ૬૦ થી ૮૦ શબ્દોમાં મુદ્દાસર જવાબ આપો. (દરેકના ૩ ગુણ) (૨૪)

• નીચેના પ્રશ્નોન માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો

**(27)** $x^3 - 3x^2 + x + 2$ જે બહુપદી g(x) વડે ભાગતાં ભાગફળ અને શેષ અનુક્રમે x-2 અને 4 - 2x મળે છે,તો g(x) શોધો.

**(28)** $x^2 - 2(a^2 + b^2)x + (a^2-b^2)^2 = 0$ ના બીજ શોધો.

**(29)** સમાંતર શ્રેણી 54,51,48.....ના કેટલાં પદોનો સરવાળો 513 થાય ? બે જવાબ મળવાનું કારણ સમજાવો.

અથવા

**(29)** સાન્ત સમાંતર શ્રેણી -4/3 , -1 , -2/3 , -1/3 ,..... $4\frac{1}{3}$ ના મધ્યપદોનો સરવાળો શોધો.

**(30)** A(0,1) અને B(2,9) આપેલા બિંદુઓ છે.બિંદુ $C \in AB$ શોધો કે જેથી C-A-B અને AB = 3AC થાય.

**(31)** મધ્યસ્થ શોધો.

| વજન (કિગ્રા) | 40-45 | 45-50 | 50-55 | 55-60 | 60-65 | 65-70 |
|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | 2 | 3 | 8 | 6 | 6 | 5 |

અથવા

**(31)** એક વર્ગીકૃત માહિતી માટે l = 239.5 , n = 50 , cf = 13 , f = 12 અને C = 20 હોય તો મધ્યસ્થ શોધો.

**(32)** સાબિત કરો કે વર્તુળની બહારના બિંદુમાંથી દોરેલા સ્પર્શકોની લંબાઈ સમાન હોય છે.

**(33)** 6.5 સેમી ત્રિજયાવાળા વર્તુળના વૃતાંશની પરિમિતિ 29 સેમી હોય તો તેનું ક્ષેત્રફળ શોધો

**(34)** 1 સેમી ત્રિજયાનાં ગોળાને પિગાળીને 1 મિમી ત્રિજયાની કેટલી બારીક ગોળીઓ બનાવી શકાય?

અથવા

**(34)** 1 સેમી વ્યાસવાળા ચાંદીના 600 મણકા પિગાળીને તેમાંથી 0.4 સેમી વ્યાસવાળો તાર બનાવવામાં આવ્યો તો તારની લંબાઈ શોધો.

## વિભાગ : D

• **નીચે આપેલા પ્રશ્ન નં. ૩૫ થી ૩૯ ના ૯૦ થી ૧૨૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૪ ગુણ)** **(૨૦)**

• **નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો.**

**(35)** 8.5 સેમી લંબાઈનો રેખાખંડ દોરી તેનું 3:5 ગુણોતરમાં વિભાજન કરો.બંને ભાગ માપો અને રચનાના મુદ્દા લખો.

અથવા

**(35)** કેન્દ્ર ન આપ્યુ હોય તો વર્તુળની બહારના બિંદુમાંથી વર્તુળને સ્પર્શકોની એક જોડ દોરો.

**(36)** 5 સ્ત્રીઓ અને 2 પુરુષો સાથે મળીને એક ભરતકામ 4 દિવસમાં પુરુ કરી શકે છે,જો 6 સ્ત્રીઓ અને 3 પુરુષોને તે જ કામ પુરુ કરતાં 3 દિવસ લાગે છે.તો 1 સ્વતંત્ર રીતે કેટલે સમય લાગેશે? 1 પુરુષને સ્વતંત્ર રીતે તે કામ કરતા કેટલો સમય લાગે ?

**(37)** 7 સેમી ઊંચાઈવાળી ટેકરીની ટોચ પરથી નિરીક્ષણ કરતા એક ટાવરની ટોચનો ઉત્સેધકોણ 45° માલુમ પડે છે,તો ટાવરની ઊંચાઈ શોધો.

**(38)** શંકુના આડછેદના તળિયાનો પરિઘ 48 સેમી અને મથાળાનો પરિઘ 36 સેમી છે.જો તેની ઊંચાઈ 11 સેમી હોય તો તેનુ ઘનફળ શોધો.

**(39)** $\Delta$ ABX માં $\angle X = 90°$ છે તો સાબિત કરો કે $AB^2 = AC^2 + BC^2$

અથવા

**(39)** બે સમરૂપ ત્રિકોણના ક્ષેત્રફળનો ગુણોતર તેમની અનુરૂપ બાજુઓના ગુણોતરના વર્ગ બરાબર હોય છે.